**Publication:** Gujarat Niti
**Date:** 7/08/2013
**Edition:** Ahmedabad
**Page No.:** 3
**Headline:** Jalaj Maheswari and Ravija Amlani Ahmedabad's smart tech wizard – 2013

## જલજ મહેશ્વરી અને રવિજા અમલાની

# 'સ્માર્ટ ટેક વિઝાર્ડ' ૨૦૧૩ મેગા ફાયનલમાં બંને અમદાવાદનું પ્રતિનિધિત્વ કરશે



શહેરની વિવધ શાળાઓના ૧૧૦૦થી વધુ વિદ્યાર્થીઓએ અમદાવાદમાં આશ્રમ રોડ ઉપર આવેલા ટાઉનહોલમાં અગ્રણી આઈટી સર્વિસીસ, કન્સલ્ટીંગ અને બિઝનેસ સોલ્યુશન ફર્મ ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (TCS) દ્વારા યોજાયેલી ટીસીએસ આઈટી ક્વિઝમાં ભાગ લીધો હતો. અમદાવાદની પ્રાદેશિક ફાયનલમાં સંત કબીર શાળા ના જલજ મહેશ્વરી અન રવિજા અમલાની તથા મહારાજા અગ્રેશન શાળાના યશ ગોહિલ અને માનસ ગુપ્તા વચ્ચે સ્પર્ધા થઈ હતી. આ ફાયનલમાં ખૂબ સ્પર્ધાયુક્ત વાતાવરણ જોવા મળ્યું હતું. દરેક વિજેતાને આઈપેડ તથા દરેક રનર્સ અપને એક ગેલેક્સી ટેબ્લેટ આપવામાં આવ્યું હતું. વિજેતા જોડી મેગા ફાઈનલ્સમાં અમદાવાદનું પ્રતિનિધિત્વ કરીને "સ્માર્ટ ટેક વિઝાર્ડ ૨૦૧૩" સ્પર્ધામાં સામેલ થશે.

વિજેતાઓને ડિરેકટર પ્રો. જે.એન. ગોસ્વામી -ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ તથા શ્રી પંકજકુમાર ગુપ્તા - ડિલિવરી સેન્ટર હેડ - ટીસીએસ ગરિમા પાર્ક, ગાંધીનગર દ્વારા ઈનામ એનાયત કરાયું હતું. ક્વિઝમાં વિદ્યાર્થીઓ વચ્ચે ઈન્ટરેક્ટિવ ટ્વિટર કોન્ટેસ્ટ યોજવામાં આવી હતી, જેમાં સ્પર્ધકોને સોશ્યલ મિડિયા આઉટરીચ પ્રોગ્રામના હિસ્સા તરીકે ચકાસવામાં આવ્યા હતા. રિજીયોનલ ફાયનલમાં ૧૪૩૩ ટ્વીટ્સ નોંધાયા હતા. આ વર્ષે ટીસીએસ આઈટી વીઝ મારફતે સ્માર્ટ ટેક વિઝાર્ડ શોધ અમદાવાદ, બેંગ્લોર, ભુવનેશ્વર, ચેન્નાઈ, કોઈમ્બતુર, દિલ્હી, હૈદ્રાબાદ, કોચી, કોલકતા, લખનૌ, મુંબઈ, નાગપુર અને પૂના સહીત દેશના ૧૪ સ્થળોએ યોજાશે. યુએઈ ટીમના વિંજેતાઓ પણ મેગા ફાઈનલ્સના ટાઈટલ માટે સ્પર્ધા કરશે.

ટીસીએસ આઈટી વીઝનું ફોર્મેટઃ લેખિત પ્રિલિમમાં દરેક ટીમને સ્થળ ઉપર ૨૦ સવાલો પૂછવામાં આવ્યા હતા. લેખિત પ્રિલિમમાં ૬ ટીમને પ્રાદેશિક ફાઈનલ માટે ક્વોલિફાય કરવામાં આવી હતી. પ્રાદેશિક ફાઈનલ ક્વિઝનું વિશિષ્ટ પાસુ એનિમેશન આધારિત ક્વિઝ સોફ્ટવેર હતું. આ અનોખુ ફોર્મેટ ક્વિઝ માસ્ટર પીકબ્રેઈન અને તેમની ટીમ દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં નીચે મુજબના રાઉન્ડ રાખવામાં આવ્યા હતાઃ ● ડેટા કલાઉડ ● બીગ ડેટા વિઝ્યુલાઈઝેશન ● આઈઓટી-ઈન્ટરનેટ ઓફ થીંગ્ઝ ● પીન ટ્રસ્ટ! અને ● @TCS